भा.कृ.अनु.प.-केन्द्रीय बागवानी परीक्षण केन्द्र,
गोधरा-बडौदा हाईवे, वेजलपुर (गोधरा)-389340 (गुजरात)
**Phone: Head of Station-02676-234657, 234077 (O), Asstt. Adm. Officer-**

## જાહેર નિવિદા નં.06/2026

### કોઠા અને સિતાફળના પાકની હરાજી માટે સીલબંધ કવરમાં ભાવ/ઓફરનું આમંત્રણ

આથી નીચે સહી કરનાર દ્વારા કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર, ગોધરા-વડોદરા હાઈવે, વેજલપુર-389340 ના બ્લોક નં.3 અને 4 માં આવેલા કોઠા અને સિતાફળના પાકની હરાજી માટે તારીખ **21/10/2026** ને **બુધવારના** રોજ બપોરે **02.00** કલાક સુધીમાં સીલબંધ કવરમાં ભાવ આમંત્રીત કરવામાં આવે છે. હરાજીમાં ભાગ લેવા ઇચ્છતી દરેક વ્યક્તિ/પાર્ટી વૈજ્ઞાનિક પ્રભારી, કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર, ગોધરા-વડોદરા હાઈવે, વેજલપુર-389340, તા: કાલોલ, જીલ્લો: પંચમહાલ ને સંબોધિત નીચે જણાવેલા પાકનો (પ્રત્યેક પાકના અલગ-અલગ સીલબંધ કવરમાં) ભાવ દર્શાવીને અનામતની રકમ પેટે પાકની સામે જણાવ્યા મુજબની અનામતની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ **"સી.એચ.ઇ.એસ., વેજલપુર" (C.H.E.S., Vejalpur)** ના નામનો સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, વેજલપુર (કોડ નં.13025) સંલગ્ન કરવાનો રહેશે. સીલબંધ કવર બાગાયત કેન્દ્ર, વેજલપુરના કાર્યાલય પર મુકેલ ટેન્ડર બોક્ષમાં તારીખ **21.10.2026** ના રોજ **02.00** કલાક સુધીમાં પ્રસ્તુત કરવાના રહેશે. અનામતની રકમનો ડી.ડી. પ્રસ્તુત નહી કરેલ હોય તો સીલબંધ કવરનો ભાવ સ્વીકારવામાં આવશે નહી. પ્રાપ્ત થયેલ સીલબંધ કવર તે જ દિવસે **02.30** કલાકે હરાજીના સમયે ઉપસ્થિત વ્યક્તિઓ/પાર્ટીઓ સમક્ષ ખોલવામાં આવશે. રસ ધરાવતી વ્યક્તિઓ/પાર્ટીઓ નીચે જણાવેલા પાકનું નિરીક્ષણ ઓફિસના કામકાજના દિવસો દરમ્યાન સવારના 10.00 થી સાંજના 04.00 કલાક સુધીમાં કરી શકશે. નીચે જણાવેલ પાક "જે છે તે આ જ છે" ના ધોરણે હરાજી કરવામાં આવશે.

| ક્ર.સં. | પાકનું નામ | ઝાડની સંખ્યા | અનામતની રકમ |
|---|---|---|---|
| 1. | કોઠાનો પાક | 110 ઝાડ | 6,000/- |
| 2. | સિતાફળનો પાક | 800 ઝાડ | 7,000/- |

સીલબંધ કવરમાં જેની રકમ વધારે હશે, તે હરાજીમાં સફળ થશે તથા પાકની તમામ જવાબદારી સફળ થયેલ વ્યક્તિ/પાર્ટીની રહેશે. હરાજીમાં ભાગ લેવા ઇચ્છતી વ્યક્તિ/પાર્ટી પાન નંબરની ઝેરોક્ષ કોપી સીલબંધ કવરમાં મૂકવાની રહેશે. હરાજીમાં સફળ થયેલ વ્યક્તિએ/પાર્ટીએ હરાજીની કુલ રકમના 33 ટકા રકમ તે જ દિવસે રોકડમાં તરત જ ઓફિસમાં જમા કરાવવાની રહેશે. બાકીની રકમ રોકડ/ડીડી/ઓન-લાઈન બે દિવસમાં ઓફિસમાં જમા કરાવવાની રહેશે. ઉભો પાક તથા કેન્દ્રની સંપતિને નુકશાન ન થાય તેનું ધ્યાન રાખવાનું રહેશે. અન્ય શરતો હરાજીના સમયે સંભળાવવામાં આવશે. કોઈપણ કારણસર સીલબંધ કવરના ભાવ સ્વીકારવા કે નહી તેના તમામ હક્કો નીચે સહી કરનારને આધીન રહેશે, જે દરેક વ્યક્તિઓ/પાર્ટીઓને બંધનકર્તા રહેશે.

V.U. [signature] 15/10/26
વૈજ્ઞાનિક પ્રભારી
કે.બા.પ.કે., વેજલપુર